# કાર્યપાલક ઈજનેર
સાઉથ ઝોન–બી(કનકપુર)

**સુરત મહાનગરપાલિકા,**
સાઉથ ઝોન–બી (કનકપુર),
**(ઈજનેરી અને આરોગ્ય વિભાગ)**
**સ્વામિનારાયણ મંદિરની બાજુમાં, રાજ માર્ગ, કનકપુર–કનસાડ, સુરત**
PHONE : 6359905030, 6359905031


નં. સા.ઝોન –બી/ટેક/૨૬૨૮
તા. ૨૦/૦૭/૨૦૨૬

પ્રતિ,

.........................
.........................
.........................
.........................

**વિષય :–** સાઉથ ઝોન–બી (કનકપુર) વિસ્તારમાં ડ્રેનેજ/સ્ટોર્મ ડ્રેનેજ લાઈન /પાણીની લાઈન, રોડ વિભાગની મરામત અને નિભાવની કામગીરી કરતા કામદારોની સેફટી માટે તથા વધારે વરસાદ સમયે ખાડીપુર તેમજ વરસાદી પાણી ભરાવાના સ્થળો પર પરિસ્થિતિ નિયંત્રણ કરવા બેરીકેડ/ફલેકસીબલ ગેટ ખરીદી કરવા બાબત.

**સંદર્ભ:–** માન.કમિશ્નરશ્રીની તા.૧૨/૦૧/૨૦૨૨ ની મંજુરી થી મંજુર થયેલ ભાવ

**મહાશય,**

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, સાઉથ ઝોન–બી (કનકપુર) વિસ્તારમાં આવેલ વિવિધ ટી.પી. રસ્તાઓ તથા અન્ય જાહેર રસ્તાઓ પર ઉપર પાણી વિભાગ, ડ્રેનેજ વિભાગ, રોડ વિભાગ તથા સર્વિસ પ્રોવાઈડરો દ્વારા કરવામાં આવેલ ખોદકામને રીપેરીંગ કરવાની કામગીરી અત્રેના ઝોન દ્વારા કરવામાં આવે છે.સદર કામગીરી પ્રગતીમાં હોય તે સમયે જાહેર રસ્તા પર અકસ્માત થવાની સંભાવના રહે છેતથા વધારે વરસાદ સમયે ખાડીપુર તેમજ વરસાદી પાણી ભરાવાના સ્થળો પર પરિસ્થિતિ નિયંત્રણ કરવાના હેતુસર સેફટી રાખવા માટે લોખંડના બેરીકેડ/ફલેકસીબલ ગેટ ખરીદવાની કામગીરી કરવામાં આવનાર છે. આ કામગીરી કરવા અંગે તમો રસ ધરાવતા હોય, તો ટેન્ડર રકમ રૂા. ૫,૦૦,૦૦૦.૦૦ પૈ. (લાગુ પડતા ટેક્ષ સહિત) ની મર્યાદામાં ભરવા પાત્ર અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઈ.એમ.ડી.) ની રકમ રૂા.૫૦૦૦.૦૦ પૈ. (પાંચ હજાર) સાથેનું તમારૂ સંમતિ પત્ર તા.૨૭/૦૭/૨૦૨૬ સુધીમાં નીચે સહી કરનારને પહોંચતું કરવા ઘટતું કરશો. કામ તથા ભાવો અંગેની વિસ્તૃત સમજ માટે અત્રેના ડ્રેનેજ વિભાગના જુની. ઈજનેરશ્રીનો સંપર્ક કરવો.

| અનું. નં. | વિગત | સંખ્યા | બેરીકેડના મંજુર ભાવ પ્રતિ નંગ | રકમ (રૂા.) |
|---|---|---|---|---|
| ૧ | બેરીકેડ/ફલેકસીબલ ગેટ | ૬૦ | ૮૨૫૦ | ૪,૯૫,૦૦૦.૦૦ |

**<u>શરતો :</u>**

(૧) ઉપર જણાવેલ કામ અંગે ઈજારદારોએ સંમતિ પત્ર સાથે ઈ.એમ.ડી. તથા રજીસ્ટ્રેશન/અનુભવના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ તથા સોલવન્સી સર્ટીફીકેટ બિનચુક રજુ કરવાનાં રહેશે અન્યથા સંમતિ પત્ર માન્ય રાખવામાં આવશે નહિ.

(૨) આ ઈજારો મળ્યેથી ઈજારદારે દિન–૧૦ માં જરૂરી કિંમતના સ્ટેમ્પ પેપર પર કરારનામું કરી આપવાનું રહેશે તેમજ ઈજારાની કુલ કિંમતના ૨% રકમ સીકયોરીટી ડીપોઝીટ તરીકે મહાનગરપાલિકામાં જમા કરાવવાની રહેશે તેમજ ચુકવવાની રકમના ૭% રકમ રીટેન્શન મની તરીકે રનીંગ બીલમાંથી કાપવામાં આવશે. ઉપર સુચવાયેલ ડીપોઝીટની રકમ, વર્કઓર્ડરની તારીખથી દિન–૧૦(દસ) માં જમા કરાવવાની રહેશે. અન્યથા પ્રતિદિન સીકયોરીટી ડીપોઝીટની રકમનાં ૦.૦૬૫% લેખે દંડ વસુલ કરવામાં આવશે.

SD
કાર્યપાલક ઈજનેર
સાઉથઝોન–બી(કનકપુર)
સુરત મહાનગરપાલિકા